# હિંમતનગર-શામળાજી હાઈવે વરસાદ બાદ ચિંથરેહાલ

## ઠેર ઠેર ગાબડાં પડતાં વાહનચાલકો હેરાન પરેશાન



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે વરસાદ બાદ ચિંથરેહાલ અવસ્થામાં ફેરવાયો છે. સિક્સલેન હાઈવે તૈયાર કરવામાં એજન્સી દ્વારા અનેક સ્થળે યોગ્ય રીતે ડાયવર્ઝન આપવામાં આવ્યાં નથી જેથી અકસ્માતો કાયમી બન્યા છે ત્યાં હવે રોડ ઉપર ઠેર ઠેર ગાબડાં પડતાં વાહન ચાલકો હેરાન પરેશાન બની ગયા છે. ખાડામાં વરસાદી પાણીનો ભરાવો થતાં દ્વિ-ચક્રી વાહન ચાલકો ફંગોળાઈ રહ્યા છે. હાઈવે ઓથોરીટી દ્વારા ભયજનક ગાબડાં પૂરવામાં નહીં આવે તો ગમખ્વાર અકસ્માતની દહેશત છે.

વાહનોની અવર જવરથી ધમધમતા ફોરલેન હાઈવે માર્ગને સિક્સલેનમાં પરીવર્તિત કરવા માટે શરૂઆતમાં યુદ્ધના ધોરણે કામ શરૂ કરવામાં આવ્યું પરંતુ થોડાક સમય કામમાં ઝડપ જોવા મળ્યા પછી હવે ગોકળગાયની ગતિએ કામ ચાલી રહ્યું છે. મોડાસા-હિંમતનગર હાઈવે માર્ગ ઉપર કામ જ્યારથી શરૂ થયું ત્યારથી વાહન ચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. યોગ્ય રીતે ડાયવર્ઝન આપવામાં આવ્યાં ન હોવાના કારણે હાઈવે સંલગ્ન ગામોની પ્રજા વધુ મુશ્કેલી ભોગવી રહી છે ત્યાં હવે વરસાદના આરંભ સાથે જ હિંમતનગર-શામળાજી હાઈવે માર્ગ ઉપર ભયજનક ગાબડાં પડતાં વાહન ચાલકોની મુશ્કેલી વધી છે. ગાંભોઈ, રાજેન્દ્રનગર સહિતના સ્થળોએ મસમોટા ખાડા પડ્યા હોવા છતાં હાઈવે ઓથોરીટી દ્વારા ગાબડાંનું સમારકામ કરવામાં આવ્યું નથી જેથી અકસ્માતની સંભાવનાઓ વધી છે. વરસાદની સ્થિતિમાં ભયજનક ખાડા સ્પષ્ટ રીતે જોઈ શકાતા ન હોવાથી વાહનો ફંગોળાઈ જવાના બનાવો વધ્યા છે ત્યારે અકસ્માત ઝોન બનેલા હિંમતનગર-શામળાજી હાઈવે ઉપર તંત્ર ગાબડાં નહીં પૂરે તો અકસ્માત વધવાની દહેશત વાહન ચાલકો વ્યક્ત કરી રહ્યા છે.

### વરસાદમાં નબળા કામની પોલ ખૂલી

# જિલ્લાના ડામર માર્ગો ઉપર આત્મઘાતી ખાડા પડ્યા, તંત્રને ખાડા પૂરવાની નવરાશ નથી

પાછલા ૪ દિવસથી જિલ્લામાં વરસતા વરસાદના કારણે નબળા ડામર કામની ઠેકઠેકાણે પોલ ખૂલી છે. ડામર માર્ગો ઉપર આત્મઘાતી ખાડા પડયા છે. પરંતુ તંત્રને ખાડા પૂરવાની નવરાશ નથી. સત્વરે આર. એન્ડ બી. સ્ટેટ અને જિલ્લા પંચાયત સંવેદના નહીં દાખવે તો કોઈના ઘરનો ચિરાગ બુઝાઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં કરોડોના ખર્ચે શહેરી અને ગ્રામ્ય વિસ્તારને જોડતા માર્ગોનું નવીનીકરણ થયું ત્યારે નબળી ગુણવત્તા અંગે વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી પરંતુ તંત્ર અને એજન્સીઓની સાંઠગાંઠના કારણે સાચી ફરિયાદો કચરા પેટીમાં ફેંકવામાં આવતી હતી. પરંતુ ચોમાસુ શરૂ થયું એટલે હવે ભોગવવાનો વારો પ્રજા અને વાહન ચાલકોને આવ્યો છે. પાછલા ૪ દિવસ દરમ્યાન હળવા અને ભારે વરસાદથી અનેક પાકા ડામર માર્ગ ઉપર ખાડા પડ્યા છે અને તેના ઉપર દરરોજના અસંખ્ય વાહનોની અવર જવર પછી ખાડાઓ આત્મઘાતી બની ગયા છે. કેટલાક સ્થાનિકોએ ડામર રોડ ઉપરના પાણી ભરેલા ખાડામાં કોઈ પટકાઈ ન પડે તે માટે પથ્થરો મૂકી વાહન ચાલકોને ચેતવણી આપવાના પ્રયાસ કર્યા છે પરંતુ રાત્રિ દરમ્યાન અંધારામાં વાહન ચાલકો પટકાઈ પડવાની ઘટનાઓ સામે આવી છે. ચોમાસુ પુરૂ ન થાય ત્યાં સુધી પેચવર્ક શક્ય નથી પરંતુ આત્મઘાતી ખાડા પૂરવા માટે તંત્રને સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે તેનો સદુપયોગ કેમ કરાતો નથી..?? તેવા સવાલ પણ થઈ રહ્યા છે.

### પોલીસની પ્રેસર ટેકનિકના કારણે આત્મહત્યાની આશંકા

# ગોઢકુલ્લા હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટ : મૃતકના નાના ભાઈએ ડુંગર ઉપર જઈ આપઘાત કરતાં સન્નાટો

### રેન્જ આઈ.જી. દ્વારા સમગ્ર પ્રકરણની ન્યાયિક તપાસ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ ભિલોડાના ગોઢકુલ્લામાં પ્રચંડ બ્લાસ્ટથી પિતા અને બાળકીનું મોત નિપજ્યા પછી સુરક્ષા એન્જસી તપાસમાં જોડાઈ છે. જેમાં મૃતકનો કમરમાં હેન્ડગ્રેનેડ લટકાવેલા ફોટા સહિતની તસવીરો સામે આવ્યા પછી મૃતક સહિત ૨ જણ વિરૂદ્ધમાં શામળાજી પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ અને એક્સપ્લોઝીવ એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ થઈ છે. ત્યારે મૃતકના ભાઈ કાંતિ ફણેજાએ ગામ નજીકના ડુંગર ઉપર જઈ ઝાડ ઉપર લટકી આપઘાત કરતાં સનસનાટી મચી ગઈ છે. પોલીસની પ્રેશર ટેકનિકના કારણે આત્મહત્યાની પ્રબળ આશંકા સેવાય છે. રેન્જ આઈ.જી. દ્વારા સમગ્ર પ્રકરણની ન્યાયિક તપાસ જરૂરી છે.

અરવલ્લીની ગીરીકંદરામાં આવેલા શામળાજી નજીકના ગોઢકુલ્લા ગામને કોઈ ઓળખતું ન હતું પરંતુ ગત તા.૨૮ ઑગષ્ટે ભરબપોરે પ્રચંડ બ્લાસ્ટ થતાં ઘર માલિક રમેશ ફણેજાનું મોત નિપજવાની સાથે મૃતદેહના ફૂરચા ઉડ્યા હતા. પત્નિ, ૨ દિકરીઓ સહિત ૩ ને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બનાવના બીજા દિવસે નાની બાળકીનું મોત નિપજ્યું હતું. બ્લાસ્ટ પછી રમેશ ફણેજાનું મોત નિપજતાં પોલીસ અને સ્થાનિક એલ.સી.બી., એસ.ઓ.જી.ને શંકા ઉપજી હતી જેથી અમદાવાદ એફ.એસ.એલ.ની ઉપસ્થિતિમાં પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું. શરીરમાંથી છરા મળી આવ્યા હતા અને લશ્કર દ્વારા ઉપયોગમાં લેવાતા ગ્રેનેડના બ્લાસ્ટથી મોત નિપજ્યાનું બહાર આવતાં રાજ્યનું પોલીસ તંત્ર હચમચ્યું હતું. શામળાજી નજીકના અંતરીયાળ ગામમાં હેન્ડ ગ્રેનેડ ક્યાંથી આવ્યો તે ચિંતાનો વિષય હતો. તપાસમાં ત્રીજા દિવસથી એ.ટી.એસ. જોડાઈ ગઈ અને કેટલીક સ્ફોટક વિગતો ધીરે ધીરે બહાર આવી રહી હતી ત્યારે એકાએક મૃતકના નાના ભાઈ કાંતિ ફણેજાએ આપઘાત કરી લેતાં ગોઢકુલ્લા હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટ વધુ ચર્ચાસ્પદ બન્યો છે. આવનારા દિવસોમાં ગોઢકુલ્લા ગામ જેવી જ દુર્ઘટનાઓ અન્ય ગામડાઓમાં પણ જોવા તો નહીં મળે ને..?? તેવી વ્યથા અનેક લોકો વ્યક્ત કરી રહ્યા છે.

### કાંતિ ફણેજાની આત્મહત્યા પોલીસ માટે પડકાર ઉભો કરશે..!!

અરવલ્લીના ગોઢકુલ્લા ગામમાં જન્માષ્ટમી પહેલાં ગ્રેનેડ બ્લાસ્ટથી રમેશ ફણેજાનું મોત નિપજ્યું. બીજા દિવસે નાની બાળકી ઈજાગ્રસ્ત હોવાથી મોત નિપજ્યું. ત્યારબાદ તપાસમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમો જોડાઈ ગઈ. પોલીસે કેટલીક ચોંકાવનારી વિગતો હસ્તગત કરી પરંતુ બનાવના ૭મા દિવસે એવું તે શું બન્યું કે મૃતકના ભાઈ કાંતિ ફણેજાએ ડુંગર ઉપર આવેલા ઝાડ ઉપર લટકી આત્મહત્યા કરી લીધી. કાંતિ ફણેજાની આત્મહત્યા પોલીસ માટે પડકાર ઉભો કરી શકે છે. કાં તો પોલીસનું વધારે પડતું પ્રેશર હોય અને માનસિક તણાવમાં આવી આત્મહત્યા કરી લીધી હોય..?? કાં તો પછી ગ્રેનેડ કાંડમાં તેની પણ ગંભીર રીતે સંડોવણી હોય અને હવે તપાસમાં નામ નિકળશે તો આવી બન્યું..તેવું સમજીને પણ મોતને વહાલું કર્યું હોય. અત્યારે તો કાંતિ ફણેજાની આત્મહત્યાએ જો અને તો નાં અનેક રહસ્યનાં ઝાળાં ઉભાં કર્યાં છે.

# જાહેરનામાનું સરેઆમ ઉંબાળિયું, વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

### ફરી ગુટખાના વેચાણ ઉપર પ્રતિબંધ : ઉત્તર ગુજરાતમાં ગુટખા-તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ છતાં બેરોકટોક વેપલો ચાલુ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ રાજ્ય સરકારે ગુટખા અને નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીનો ૧ વર્ષનો પ્રતિબંધ ગત વર્ષે લાગુ કર્યો હતો તેને વધુ ૧ વર્ષ લંબાવવાનો નિર્ણય કર્યો છે. ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લીમાં પાછલા ૧ મહિનામાં માત્ર આંગળીના ટેરવે ગણાય તેટલા કેસ કરી સંતોષ માન્યો છે. છેલ્લા ૩ વર્ષથી ગુટખા-તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે પરંતુ તમામ ૪૭ તાલુકા અને તેના ગામડાઓમાં બેરોકટોક ગુટખા-તમાકુનું વેચાણ થઈ રહ્યું છે. વિભાગને ગુટખા-તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ અને તપાસ કરવાની છે તે જ ગુટખાના સહારે દિવસ પસાર કરી રહ્યા છે. સરકારનો મૂળ ઉદ્દેશ્ય કેન્સરના દર્દીઓ ઘટાડવાનો છે પરંતુ વિભાગને જ ખાટલે ખોડ હોય તો પછી પ્રતિબંધ ક્યાંથી આવવાનો છે.

ખાદ્ય ચીજમાં તમાકુ અને નિકોટીન ઉમેરવા ઉપર પ્રતિબંધ છે. ગુટખામાં તમાકુ અને નિકોટીનની હાજરીથી જનઆરોગ્યને માઠું નુકસાન થતું હોય છે.

ગુટખાના સેવનથી અસંખ્ય લોકો કેન્સરનો ભોગ બની ચૂક્યા છે. સરકારે તમાકુના વ્યસન ઉપર રોક લગાવવા માટે સમયાંતરે પ્રયાસ કર્યા છે પરંતુ તેમાં કોઈ જાજી સફળતા મળી નથી ત્યારે રાજ્ય સરકારના ફુડ વિભાગે તાજેતરમાં ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ ગુટખા અને તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો છે જે હેઠળ તમાકુ-ગુટખાના વેચાણ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમાકુ-ગુટખાના હોલસેલ વેપારીઓ પ્રતિબંધ પછી જાયે તો જાયે કહાં જેવી સ્થિતિમાં શરૂઆતમાં મૂકાયા પરંતુ હવે કોઈપણ પ્રકારના ભય વગર તમાકુ-ગુટખાનું વેચાણ કરી રહ્યા છે.

### પાછલા ૧ મહિનામાં સાબરકાંઠા, અરવલ્લીમાં માત્ર આંગળીના વેઢે ગણાય તેટલા કેસ

### ગુટખા-તમાકુના વેચાણ ઉપર સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી પ્રતિબંધ

રાજ્ય સરકારે રાજ્યમાં ગુટખા કે નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર ૧ વર્ષનો ગત વર્ષથી પ્રતિબંધ મૂકી દીધો છે અને તા.૧૧-૯-૨૦૨૧ના રોજ તેની અવધી પૂરી થવાની છે. પાછલા ૨ વર્ષથી ગુટખા-તમાકુના વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં પ્રતિબંધ મૂકનારા અધિકારીઓની નજર સમક્ષ જ તમાકુ-ગુટખાનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે.

### તમાકુ-ગુટખા ખાવાથી ૩૦,૦૦૦થી વધુ લોકોને કેન્સર, સાચો આંકડો ત્રણ ગણો હોવાની આશંકા

તમાકુ-ગુટખાના સેવનથી કેન્સર થાય છે. દરેક જિલ્લાની કેન્સર સોસાયટી દ્વારા આ અંગે જાગૃતિ અભિયાન દર વર્ષે યોજવામાં આવે છે પરંતુ તેમાં કોઈ સુધારો આવ્યો નથી. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં તમાકુ-ગુટખા ખાવાના કારણે ૨૫ હજાર લોકોને જડબા તથા શરીરના અન્ય અંગોમાં કેન્સર પ્રસરી જતાં કેટલાક દર્દીઓ મોતને ભેટ્યા છે કેટલાક અતિ ગંભીર હાલતમાં જીવન વિતાવી રહ્યા છે. પાંચેય જિલ્લાના આરોગ્ય વિભાગ પાસે કેન્સરના કેટલા દર્દી છે તેના સાચા આંકડા નથી. આરોગ્ય વિભાગનું કહેવું છે કે કેન્સરના દર્દી અંગેનું કોઈ જગ્યાએ રજીસ્ટ્રેશન થતું નથી જેથી કેન્સર પીડીત દર્દીઓનો સાચો આંકડો મળવો મુશ્કેલ છે પરંતુ બાયડ થી થરાદ સુધીના પંથકમાં તમાકુ-ગુટખા ખાવાના કારણે સેંકડો વ્યસનીઓ કેન્સરના શિકાર બન્યા છે જે ખાનગી લેબોરેટરીના આવી રહેલા ચોંકાવનારા રીપોર્ટ ઉપરથી જાણવા મળ્યું છે.



### દેમતીમાં વેક્સિનેશન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પોશીના તાલુકાની દેમતી મેરા પ્રા.શાળામાં કોવિડ-૧૯ વેક્સિનેશન અંગે જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાઈ ગયો આ પ્રસંગે જિલ્લા મેલેરીયા અધિકારી ડૉ.પી.એલ.અસારી, મેડીકલ ઓફીસર ડૉ.રાજેન્દ્ર ભૂરીયા, ઉપસરપંચ રેવાભાઈ પરમાર વગેરેના સહયોગથી પ્રા.શાળામાં ૩૫ થી વધુ ગ્રામજનોને વેક્સિન આપવામાં આવી હતી. શાળામાં યોજાયેલા જાગૃતિ અભિયાન કાર્યક્રમને શાળા પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

## પ્રાંતિજના શિક્ષકની તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી



સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠ પારિતોષિક ૨૦૨૧ ચાલુ વર્ષે પાંચ સપ્ટેમ્બરના રોજ થનાર શ્રેષ્ઠ શિક્ષક દિન નિમિત્તે પ્રાંતિજ તાલુકા કક્ષાએ પ્રાંતિજ શાળા નંબર-૧ મા ઉપશિક્ષક તરીકે ફરજ બજાવતા પલ્લાચરના વતની પટેલ અરવિંદકુમાર બહેચરભાઈની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થઈ છે અને તેવોને તારીખ પાંચ સપ્ટેમ્બરના દિવસે હિંમતનગર ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તાલુકા કક્ષાએ પસંદ થવા બદલ તેવોનુ એવોર્ડ આપીને સન્માનિત કરવામા આવશે તો પટેલ અરવિંદકુમાર બહેચરભાઈનુ નામ તાલુકા કક્ષાએ પસંદગી થતા સ્ટાફ મિત્રો તથા અન્ય શિક્ષકો સહિત સંગાસંબધીઓ દ્વારા તેમને એડવાન્સમા શુભેચ્છાઓ પાઠવી હતી તો અરવિંદકુમાર પટેલે શાળા સાથે પરિવાર સમાજ અને ગામનુ નામ રોશન કર્યુ છે.

### પ્રાંતિજના સોનાસણ ખાતે આરોગ્ય સબ સેન્ટરના કર્મચારીઓને ઉત્તમ સેવા બદલ પ્રોત્સાહિત કરાયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે ગ્રામજનો અને સોનાસણ સુંદર કાડ પરિવાર દ્વારા ત્રીજી સપ્ટેમ્બરના રોજ સોનાસણ આરોગ્ય સબ સેન્ટરના કર્મચારીઓની સુંદર કામગીરી અને સો ટકા રસીકરણ સંદર્ભે પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. સોનાસણ ખાતે ગ્રામજનો અને સોનાસણ સુંદરકાંડ પરિવારો દ્વારા તારીખ ત્રીજી સપ્ટેમ્બરના રોજ સોનાસણ આરોગ્ય સબ સેન્ટર ખાતે પ્રોગ્રામ યોજાયો હતો. જેમા આરોગ્ય કર્મચારી મનીષાબેન વાળંદ, હર્ષદભાઈ ડોડિયા, અન્ય આરોગ્ય કર્મચારીઓને કોરોના મહામારી વખતે સુંદર કામગીરી, સોનાસણ સહિતના વિસ્તારોમાં સો એ સો ટકા સાથે કોરોના વિરોધી રશીકરણની કામગીરી પૂર્ણ કરી હતી.

# રાજ્ય વ્યાપી અનાજ કૌભાંડ : સાબરકાંઠા, અરવલ્લીમાં તપાસ બાદ રેલો રાજકોટ નિકળ્યો

### બોગસ પોર્ટલ બનાવી કૌભાંડ આચર્યું, પ્રત્યેક ટ્રાન્ઝેક્શન દીઠ રૂા.૪૦ના ઉઘરાણાનો આંકડો કલ્પના બહાર..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ રાજ્ય વ્યાપી અનાજ કૌભાંડમાં રોજ નવા ખુલાસા સામે આવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારી અનાજ સગેવગે કરવામાં કેટલાક દુકાનદારોના નામ ખૂલ્યા પછી તપાસનો દોર આરંભાયો છે પરંતુ પુરવઠા તંત્ર મગનું નામ મરી પાડવા તૈયાર ભલે ન હોય પરંતુ ઉચ્ચસ્તરીય તપાસનો રેલો રાજકોટ સુધી નિકળ્યો છે જેમાં બોગસ પોર્ટલ બનાવી રાજ્ય વ્યાપી કૌભાંડ આચરાયાની વિગતો સામે આવી છે. કૌભાંડમાં અનાજ વિતરણ માટે પ્રત્યેક ટ્રાન્ઝેક્શન દીઠ રૂા.૪૦ ઉઘરાવતા હોવાની વિગતો ખૂલતાં કૌભાંડની રકમ કલ્પના બહારની બની રહી છે.

સરકારી અનાજ હજમ કરવાનું કરોડો રૂપિયાનું રાજ્ય વ્યાપી કૌભાંડ ઉઘાડું પડ્યું છે. અમદાવાદ પોલીસ દ્વારા આ કૌભાંડનો પર્દાફાશ કરાયા પછી તેની અલગ અલગ જિલ્લાઓમાં તપાસ શરૂ થઈ છે. જેમાં સાબરકાંઠા અનો અરવલ્લી જિલ્લામાં પણ કેટલાક દુકાનદારો રાજ્ય વ્યાપી અનાજ કૌભાંડમાં સામેલ હોવાની વિગતો બહાર આવ્યા બાદ તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૫ સસ્તા અનાજના દુકાનદારોના નામ ખૂલ્યા છે. જે પૈકી સાબરકાંઠામાં ૨ દુકાનદારોની અટકાયત કરવામાં આવી છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં આ કૌભાંડની તપાસ ચાલુ હોવા છતાં પુરવઠા વિભાગ દ્વારા દુકાનદારોના નામ જાહેર કરવામાં આવ્યાં નથી પરંતુ ઉચ્ચ સ્તરીય તપાસમાં કરોડોના સરકારી અનાજના કૌભાંડનો રેલો છેક રાજકોટ સુધી પહોંચ્યો છે જેમાં બોગસ પોર્ટલ બનાવી આખુંય પોર્ટલ આચરવામાં આવ્યું હોવાની વિગતો ખૂલી છે. રાજ્યમાં અંદાજીત ૪૦૦ થી વધુ દુકાનદારો આ કૌભાંડમાં સામેલ હોવાની આશંકા છે. પ્રત્યેક લાભાર્થીના હિસ્સામાં અનાજની રકમ દર મહિને મહત્તમ રૂા.૭૦૦ થી ૮૦૦ની ગણીએ તો પણ હજારો ગરીબ પરિવારોના હિસ્સાનું કરોડો રૂપિયાનું સરકારી અનાજ આરોપીઓએ બારોબાર વેચી દીધું છે. જેમાં દુકાનોમાં વપરાતા કોમ્પ્યુટર, લેપટોપ, જમ્સ ડીવાઈસની તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવતાં બોગસ પોર્ટલ બનાવી ગરીબોના પેટનો કોળીયો છીનવી લેવાયાનું ચર્ચાઈ રહ્યું છે.